મુંબઈ સમાચાર ૧
MUMBAI SAMACHAR
ગુરુવાર, તા. ૧૭-૫-૨૦૧૮



# લાડકી

# મક્કમ મનોબળની માલિક

**બે દીકરીઓને ઉછેરવા સહિતની ગૃહિણી તરીકેની સર્વ જવાબદારીઓ સંભાળવાની સાથે લકપા શેરપા વધુ એક વખત એવરેસ્ટ સર કરવા થનગની રહી છે**



કવર સ્ટોરી
હેમંત વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**સમય** છે સવારના છ. ઍલાર્મવાળી ઘડિયાળ કે બીજી કોઈ પણ મદદ વિના ૪૪ વર્ષનાં લકપા શેરપાની આંખો આપમેળે ઊઘડી જાય છે. ઊઠીને તરત કામે લાગી જાય છે. પહેલું અને મહત્ત્વનું કામ છે બે દીકરીઓને જગાડવાનું. શ્રીમતી લકમા બે દીકરીઓની જનેતા છે. એક છે ૧૧ વર્ષની શાઈની અને બીજી છે ૧૬ વર્ષની સની. ના, આ બે દીકરીઓ ઘરકામમાં મદદરૂપ થવા લાગે એ માટે માતા તેમને વહેલી જગાડી નથી રહી. બલકે શાળાએ મોકલવાની હોવાથી તેમને તૈયાર થવામાં મદદરૂપ થાય છે. સંજોગોને કારણે પોતે ભણતરથી વંચિત ભલે રહી ગઈ, પણ એનું પુનરાવર્તન દીકરીઓની બાબતમાં ન થાય એની તકેદારી તેઓ સતત રાખી રહ્યા છે. પુત્રીઓ ભણે છે એ જગ્યા ઘરથી થોડી દૂર હોવાથી મા બેઉંને લઈને ચાલતા ચાલતા શાળાએ મૂકવા જાય છે. ઘરમાં નાનકડું વાહન છે ખરું, પણ શ્રીમતી લકપાને ડ્રાઈવિંગ ન આવડતું હોવાથી પગપાળા જવા સિવાય બીજો કોઈ પર્યાય પણ નથી. વાત આટલે પૂરી નથી થઇ જતી. સંતાનોને શાળાએ હેમખેમ પહોંચાડીને માતુશ્રી સીધા નોકરીએ ઊપડે છે. નોકરીનું સ્થળ શાળાથી સવા ત્રણ કિલોમીટરના અંતરે છે. આ અંતર પણ ગૃહિણી પગપાળા કાપીને પૂરું કરે છે. આટલે દૂર પહોંચ્યા પછી પણ કંઈ આરામની નોકરી તો નથી જ, ઊલટાની પરસેવો પાડવો પડે એવી આકરી મહેનત કરવાની છે. કામ શું કરવાનું છે એ જાણશો તો 'માં તુઝે સલામ' એ ઉદગારો સહજભાવે મોઢામાંથી સરી પડશે. સવા ત્રણ કિલોમીટર ચાલ્યા પછી ૪૪ વર્ષનાં આ ગૃહિણી ડિશ ધોવાના કામે લાગી જાય છે. આ કામ પૂરું થયા પછી ગંદકી અને એઠવાડ સાફ કરવાની જવાબદારી પણ તેમના શિરે છે જ. આ બધા કામ તેમનું શરીર થાક્યા વિના અને ફરિયાદ કર્યા વિના સતત કરતું રહે છે. બીજી તરફ તેમના મનમાં સપનાની ઇમારતનું ચણતર થઇ રહ્યું છે. આઠ વખત સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કરવાના પોતાના જ વિશ્વ વિક્રમને તોડવાની ઇચ્છાએ આકાર લીધો છે. ઉપર જે જવાબદારીઓ જણાવી એ જાણ્યા પછી આ હોંશીલી માતા પાસે એવરેસ્ટ ચડવા માટે ટ્રેઇનિંગનો સમય તો ક્યાંથી બચે એ તો તમે સમજી જ ગયા હશો. જોકે, માતાનું મન મક્કમ છે અને નવમી વખત શિખર સર કરવાની તમન્ના બળવત્તર છે.

લકમા શેરપા પાસે ભણતર નથી, પણ ગણતર છે, સમજણ છે. તેમની વાતો પરથી એટલું જરૂર સિદ્ધ થાય છે કે સમજણ કેળવાય એ માટે ભણતર હોવું જ જોઈએ એ જરૂરી નથી હોતું. એવરેસ્ટ સર કરવા નીકળવું એ જાણે કે શ્રીમતી શેરપા માટે વાર્ષિક કાર્યક્રમ થઇ ગયો છે. 'મારું શરીર લાંબી મજલ કાપીને ઊંચાઈ સર કરવા માટે ટેવાઈ ગયું છે,' માતુશ્રી જણાવે છે, 'સાચું કહું તો મારું શરીર કમ્પ્યુટરની જેમ કામ કરે છે. ઊંચાઈએ જવા નીકળું એટલે મારું શરીર બદલાતા વાતાવરણને અનુકૂળ થવા લાગે છે. ઊંચાઈએ પહોંચું એની પણ જાણે શરીરને જાણ થઇ જતી હોય એ પ્રમાણે એડજસ્ટ થઇ જાય છે.'

સરળ અને સાદું જીવન જીવી રહેલાં લકમા શેરપાની અદભુત કહી શકાય એવી સિદ્ધિઓ જનમાનસમાં ઓછી જાણીતી છે. તેઓ પ્રસિદ્ધિથી દૂર રહે છે. જોકે, ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા તેમની નોંધ લેવામાં આવી છે. મજાની વાત તો એ છે કે એવરેસ્ટ સર કરવો એ પરિવાર પ્રેમ છે, કારણ કે તેમની બહેન અને ભાઈએ પણ આ સિદ્ધિ ભૂતકાળમાં મેળવી છે. નાની બહેન મિંગ્માએ ૨૦૦૩માં પહેલી વાર એવરેસ્ટ સર કર્યું ત્યારે તેની ઉંમર માત્ર ૧૫ વર્ષની હતી. એ સમયની નોંધ પ્રમાણે આટલી નાની ઉંમરે એવરેસ્ટ સર કર્યાનો એ પહેલો પ્રસંગ હતો. રસપ્રદ વાત તો એ છે કે એ વખતે બહેન લકપા અને ભાઈ ગેલુ પણ સાથે હતા. ત્રણ ભાઈ-ભાંડુઓ સાથે અને એક જ સમયે શિખરની બુલંદીએ પહોંચ્યા હોય એવો એ પહેલો પ્રસંગ હતો. ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ એની નોંધ છે. લકમાજીના ભાઈ મિંગ્મા ગેલુ શેરપાએ ૨૦૧૬ સુધીમાં આઠ વખત એવરેસ્ટનું શિખર સર કર્યું હોવાની સત્તાવાર માહિતી છે. આમ લકમાજીની સિદ્ધિઓ પર્વતારોહણ પ્રેમીઓમાં જાણીતી છે. અત્યારે તેઓ ભૂતપૂર્વ પતિ સાથે એક નાનકડા ગામમાં રહે છે.

લકપાને સપનાં જોવાની તો નાનપણથી જ આદત પડી ગઈ હતી. અન્ય

(જુઓ પાનું ૬) ▶▶






LIJJAT AD. AGENCY PROMSERVE 301012LP Guj